માનનીય મંત્રીશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા.૨૯/૧૨/ ૨૦૧૧ ના રોજ મળેલ વિકલાંગ ધારો-૧૯૯૫ હેઠળ રાજ્યકક્ષાની સંકલન સમિતિની બેઠકમાં હાજર રહેલ અધિકારીશ્રી/ પ્રતિનિધિ શ્રી ની યાદી

| ક્રમ | આમંત્રિતઅધિકારીશ્રીનો વિભાગ અને હોદ્દો | હાજર રહેલ અધિકારીશ્રી નુંનામ | પ્રતિનિધિનુંનામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | **અધિક મુખ્ય સચિવશ્રી(સેવા)**, સામાન્યવહીવટવિભાગ, સચિવાલય, ગાંધીનગર | - | શ્રી સી.એમ. સદાદીયા નાયબ સચિવશ્રી (સેવા ) |
| ૨ | **અગ્રસચિવશ્રી**,(ખર્ચ)નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર | - | શ્રીકે.એચ.પંડ્યા નાણાંસલાહકારશ્રી |
| ૩ | **અગ્રસચિવશ્રી**,આરોગ્ય અને પરીવાર કલ્યાણવિભાગ,સચિવાલય, ગાંધીનગર | - | શ્રી કમલેશ શાહ ઉપસચિવશ્રી |
| ૪ | **અગ્રસચિવશ્રી**,ઉદ્યોગ અને ખાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર | - | શ્રીડી.ડી.ચૌહાણ નાયબસચિવશ્રી |
| ૫ | **અગ્રસચિવશ્રી**, શહેરી વિકાસ અને શહેરીગૃહનિર્માણ વિભાગ,સચિવાલય, | સચિવશ્રી (હાઉસિંગ) | - |
| ૬ | **અગ્રસચિવશ્રી**, શ્રમ અને રોજગાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર | - | શ્રીએ.એમ.માળવે નાયબ નિયામકશ્રી |
| ૭ | **અગ્રસચિવશ્રી**,શિક્ષણ વિભાગ, સચિવાલય, | સચિવશ્રી (શિક્ષણ) | |
| ૮ | **સચિવશ્રી**,(જાહેરસાહસો),નાણાં વિભાગ,સચિવાલય ગાંધીનગર, | - | શ્રીપી.બી.ટેઇલર સેક્શનઅધિકારી |
| ૯ | **સચિવશ્રી**,મહિલા અને બાળવિકાસ વિકાસવિભાગ,સચિવાલય,ગાંધીનગર | સચિવશ્રી, (મહિલા, બાળ વિકાસ) | - |
| ૧૦ | વિકલાંગ વ્યક્તિઓના કમિશ્નરશ્રી, ગાંધીનગર. | વિકલાંગ વ્યક્તિઓના કમિશ્નરશ્રી, ગાંધીનગર | મદદનીશ કમિશ્નરશ્રી ગાંધીનગર |
| ૧૧ | નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર | નિયામકશ્રી,સમાજસુરક્ષા ગાંધીનગર | |

માનનીય મંત્રીશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા.૨૯/૧૨/૨૦૧૧ ના રોજ મળેલ વિકલાંગ ધારો-૧૯૯૫ હેઠળ રાજ્યકક્ષાની સંકલન સમિતિની બેઠકમાં હાજર રહેલ બિન સરકારી સભ્યશ્રી ની યાદી

| ક્રમ | આમંત્રિત બિન સરકારી સભ્યશ્રી | હાજર રહેલ બિન સરકારી સભ્યશ્રીનુંનામ | પ્રતિનિધિનુંનામ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ડૉ.માનસેતા,ઈ.એન.ટી.સર્જન,એલીસ બ્રીજ શોપીંગ સેન્ટર,ટાઉન હોલ સામે,અમદાવાદ | ડૉ.માનસેતા, | - |
| ૨ | શ્રી કનુભાઈ ટેલર,પ્રમુખશ્રી,ડીસેબલ વેલ્ફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા,સાંઈ સમર્થન સોસાયટી પાસે,શરદ યતન સ્કુલની પાછળ,ઊગરા,સુરત. | શ્રી કનુભાઈ ટેલર, | - |
| ૩ | શ્રીમતીનંદિનીમુન્શા,પ્રમુખશ્રી, અધજન મંડળ,વસ્ત્રાપુર,અમદાવાદ. | શ્રીમતી નંદિની મુન્શા, | - |
| ૪ | શ્રીકિશોરભાઈ મોહનભાઈ મહેતા, મંત્રીશ્રી,અમરેલી મુકબધિર સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી તાપીબેન મોહનલાલ રુગનાથ મહેતાબહેરામુંગા શાળા,કમાણી સાયન્સ કોલેજ પાસે, વિદ્યાવિહાર લાઠી રોડ,અમરેલી. | શ્રીકિશોરભાઈ મોહનભાઈ મહેતા,. | - |

**તા.૨૯/૧૨/૨૦૧૧ના રોજની માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને વિકલાંગ ધારો ૧૯૯૫ હેઠળની રાજયકક્ષાની સંકલન સમિતિની મળેલ બેઠક અંગેની કાર્યવાહી નોંધઃ-**

---

૧. વિકલાંગ વ્યકિતઓ ( સમાન તકો, અધિકારોનું રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા) ધારો-૧૯૯૫ની, કલમઃ૧૩ની જોગવાઇ અન્વયે રાજય સરકારે તા.૧૩/૦૫/૧૯૯૭ના ઠરાવથી રચેલી સંકલન સમિતિની બેઠક શ્રી ફકીરભાઇ વાઘેલા, માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષપણા હેઠળ તા.૨૯/૧૨/૨૦૧૧,ને ગુરુવારના રોજ સવારે ૧૧:30 કલાકે,સમિતિ ખંડઃ૧,બ્લોકનં. ૧, ૪ થો માળ, સચિવાલય,ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ.આ બેઠકમાં આ સાથેની યાદી મુજબના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

૨. અધ્યક્ષશ્રી, તરફથી બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓને આવકારવામાં આવેલ. અધ્યક્ષશ્રી તરફથી રાજય સરકારે કરેલ કાર્યવાહીની વિગતોની વિસ્તૃત સમજ આપી સંબંધિત વિભાગો તરફથી તેમને કરવાની થતી કાર્યવાહી તાત્કાલિક થાય તેવી સૂચના આપવામાં આવી.

૨.૧ ભારત સરકારની 'સીપડા' યોજનાની વિગતો રજુ કરવામાં આવી જે વિભાગોએ તેમની દરખાસ્તો મોકલવાની બાકી છે. તે સત્વરે સામાજિક ન્યાય અને અધિકારીતાને મોકલી આપવા નક્કી થયેલ.આ ઉપરાંત આંગણવાડીઓને પણ આ યોજના લાભ મળે તે જોવા અગ્રસચિવશ્રી, મહિલા બાળ કલ્યાણ એ જણાવ્યું. **( કાર્યવાહીઃબંદરો અને વાહન વ્યવહાર વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગૃહ વિભાગ, શિક્ષણ વિભાગ,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ)**

૨.૨ વિકલાંગો ને જમીન ફાળવવા અંગે મહેસૂલ વિભાગે નીતિ નક્કી કરેલ છે પરંતુ વિકલાંગોને સરળતાથી જમીન મળતી નથી તેવી રજુઆત થતાં આ બાબતે અધ્યક્ષશ્રી તરફથી એવું સૂચન કરવામાં આવ્યુકે, નિયામક સમાજ સુરક્ષાએ જિલ્લા કલેકટરશ્રી પાસેથી વિકલાંગ વ્યકિતઓને જમીનના પ્લોટ આપવા માટેના મહેસુલ વિભાગના ઠરાવનો અસરકારક અમલ થાય તેનું મોનીટરીંગ કરવું અને જિલ્લા કલેકટરશ્રીઓને રાજયોમાં કેટલા લોકોએ જમીન માટે અરજીઓ કરી, અને તે અરજીના અનુસંધાનમાં કેટલી

વ્યકિતઓને જમીન આપવાના હુકમો કરવામાં આવ્યા ? કેટલી અરજીઓ પડતર રહી છે? તેની માહિતી મેળવવી અને બાકી રહેતા લોકોને જમીનના પ્લોટ મળે તે માટેનું મોનીટરીંગ કરવા અને હવે પછીની મીટીંગમાં આ બાબતની વિગતો સાથે માહિતી રજૂ કરવા નકકી થયુ. **( કાર્યવાહી:સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓ અને નિયામકશ્રી(સ.સુ.) )**

૨.૩ દાહોદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલમાં જીલ્લા વિકલાંગ પુન:વસન કેન્દ્ર (ડીડીઆરસી) માટે બીજા માળે જગ્યા ફાળવેલ છે.જે વિકલાંગોને અગવડ રૂપ હોઇ, ભોંયતળિયે ફાળવવા તાત્કાલિક કાર્યવાહી કરવી.ઉપરાંત જીલ્લા પુન:વસન કેન્દ્રો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ને તબદીલ કરવા બાબતે પણ નિર્ણય થયો. આ બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે વિગતવાર દરખાસ્ત મોકલવા જણાવ્યું.
**( કાર્યવાહી: આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, જિલ્લા કલેકટરશ્રી દાહોદ અને નિયામકશ્રી (સ.સુ.) )**

૨.૪ વિદ્યાસહાયકની ભરતીમાં ૧૦૦% અંધ ઉમેદવારોને નિમણૂક અપાવવા બાબતે વિગતવાર ચર્ચા થઇ. જેમાં સચિવશ્રી પ્રાથમિક શિક્ષણ એ બાળકોના શિક્ષણ સ્તર પર અસર પડે તેવી સંભાવના વ્યકત કરી જણાવેલ કે આ શિક્ષકો બ્લેક બોર્ડ પરની કામગીરી તથા બાળકોની નોટબુક ઉપરાંત ચિત્રકામ, સ્વાધ્યાયપોથી વગેરે ચકાસી શકે તેમ ન હોઇ, તથા આ બાબત હાલમાં કોર્ટ સમક્ષ ન્યાય નિર્ણય માટે પડતર હોઇ નિર્ણય લઇ શકાય નહી. અધ્યક્ષશ્રી, તરફથી એવું સૂચન કરવામાં આવ્યું કે, શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યા સહાયકની જગ્યા માટે ૧૦૦ ટકા અંધ વ્યકિતને પસંદ કરવા બાબતની સમીક્ષા કરવા માટે પાંચ વ્યકિતઓની કમિટી બનાવવી. તેવું નક્કી થયું આ બાબતે શિક્ષણ વિભાગે સમંતિ દર્શાવી. જેમાં વિકલાંગ કલ્યાણ ક્ષેત્રના બે વ્યકિતઓના નામો ( અંધજન મંડળ, વસ્ત્રાપુરથી મેળવવા) તથા બીજા ત્રણ વ્યકિતઓમાં શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાંતો તથા અધિકારીઓની ટીમ બનાવી તેનો અહેવાલ સત્વરે મેળવી રજુ કરે તેવું નક્કી કરવામાં આવ્યું
**(કાર્યવાહી: પ્રાથમિક શિક્ષણ વિભાગ, નિયામકશ્રી (સ.સુ.) )**

૨.૫ વિકલાંગ વ્યકિતઓની સંસ્થાઓમાં શિક્ષણ વિભાગનાં જે ફાજલ શિક્ષકોને મૂકવામાં આવ્યા છે. તેઓને આર.સી.આઇ. ની તાલીમ અપાવવી અને ભવિષ્યમાં ફાજલ શિક્ષકોને

મૂકતા પહેલાં આર.સી.આઇ. ની તાલીમ આપીને પછી જ મૂકવાનું નકકી કરવામાં આવ્યું. (કાર્યવાહી: શિક્ષણ વિભાગ, નિયામકશ્રી (સ.સુ.) )

૨.૬ આગામી વર્ષમાં થનારા શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ અને આરોગ્ય ચકાસણીના કાર્યક્રમોમાં વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓને સમાવવાનો નિર્ણય થયો.
(કાર્યવાહી: શિક્ષણ વિભાગ,અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.)

૨.૭ પ્રાથમિક શિક્ષણ ધારા હેઠળ વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત શૈક્ષણિક સંસ્થાઓની નોંધણી કરવા નિયમ મુજબ કાર્યવાહી કરવા નિર્ણય થયો અને તે માટે સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ/શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર કરવામાં આવશે તેવું જણાવ્યું.
(કાર્યવાહી: શિક્ષણ વિભાગ.)

૨.૮ રાઈટ ટુ એજયુકેશન એકટનો વિશિષ્ટ શાળાઓમાં અમલ કરવા માટે દરેક સંસ્થાઓમાં લાભાર્થીઓની ટોચ મર્યાદા તથા હાજર સંખ્યાની વિગતો એકઠી કરી સંસ્થાઓની ટોચ મર્યાદાની સમીક્ષા કરી વધઘટ સરભર કર્યા બાદ જો ટોચ મર્યાદા વધારવાની જરૂર જણાય તો વિભાગને નવી બાબત તરીકે દરખાસ્ત કરવા નકકી થયું.(કાર્યવાહી: શિક્ષણ વિભાગ.,નિયામકશ્રી, (સ.સુ.))

૨.૯ અધ્યક્ષશ્રી દ્વારા જણાવવામાં આવ્યુ કે, રોજગાર વિનિમય કચેરી દ્વારા નોકરી માટે મોકલવામાં આવતાં નામોમાં રોજગાર કચેરીએ કેટલા નામો મોકલ્યા તે પૈકી વિકલાંગ વ્યકિતઓના કેટલા નામ હતા? તે પૈકી કેટલી વ્યકિતઓને નોકરીઓ આપી? તેની વિગતો મેળવ્યા બાદ આગામી બેઠકમાં આ મુદ્દાની સમીક્ષા કરવાનું નકકી કરવામાં આવ્યું.
(કાર્યવાહી:શ્રમ અને રોજગાર વિભાગ.)

૨.૧૦ શૈક્ષણિક સંસ્થાઓના રૂટમાં લો ફલોર બસો મૂકવા ચર્ચા થયેલ ઉપરાંત અમદાવાદમાં ચાલતી BRTS ના બસ રૂટ માં વ્હીલચેરવાળી વ્યક્તિઓ વ્હીલચેર સહિત દાખલ થઇ શકે તે માટે સંબંધિતો ને જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું.
(કાર્યવાહી:વાહન વ્યવહાર વિભાગ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ )

૨.૧૧ એન.એચ.એફ.ડી.સી. દ્વારા હાલ વિકલાંગોને લોન આપવામાં આવે છે તે લોન ગુજરાત અલ્પસંખ્યક નાણાં નિગમ દ્વારા આપવામાં આવે છે. વિકલાંગોને સરળતાથી લોન મળી શકે અને તે માટે ભારત સરકારના એન.એચ.એફ.ડી.સી. દ્વારા રાજયની આર.આર.બી. (ગ્રામીણ બેંક)સાથે વિભાગમાં એક બેઠક રાખેલ અને. આર.આર.બી બેંક આ બાબતે તેમની આંતરિક કાર્યવાહી પુરી કરી એન.એચ.એફ.ડી.સી. પાસેથી નાણા મેળવી ઓછા વ્યાજદરથી વિકલાંગોને લોન આપી શકાશે. આમ, કરવાથી હાલ વિકલાંગ વિદ્યાર્થી બેંકપાસેથી ૧૦થી ૧૨ ટકાના દરે શૈક્ષણિક લોન મેળવે તેના બદલે ખૂબજ ઓછા દરે લોન મેળવી શકશે તેની માહિતી સમિતિના સભ્યોને આપવામાં આવી.
**(કાર્યવાહી: ગુજરાત અલ્પસંખ્યક નાણાં નિગમ અને નિયામકશ્રી (સ.સુ.))**

૨.૧૨ ઉદ્યોગોમાં થતા અકસ્માતોના કારણે કેટલા વ્યકિતઓ વિકલાંગ થયા તે પૈકી કેટલા વ્યકિતના કેસો કોર્ટમાં અને તે પૈકી કેટલા વ્યકિતઓને વળતર કેટલા પ્રમાણમાં ચૂકવવામાં આવ્યું ? ઉપરાંત બાકી રહેતા કેસોના સત્વરે નિકાલ થાય તેવું તંત્ર ગોઠવવાની ચર્ચા થયેલ તેની માહિતી મેળવવા નમૂનાનું પત્રક તૈયાર કરી ઉદ્યોગ વિભાગને મોકલી આપી માહિતી એકત્રિત કરી તેનું વિશ્લેષણ કરી આગામી બેઠકમાં સમીક્ષા કરવા નિર્ણય થયો.
**(કાર્યવાહી: ઉદ્યોગ અને ખાણ વિભાગ, કાયદા વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ , નિયામકશ્રી, (સમાજ સુરક્ષા.) )**

૨.૧૩ ડૉ.માનસેતા, તરફથી એવી રજૂઆત કરવામાં આવી કે આરોગ્ય વિભાગ દ્વારા બાળકના જન્મ સમયે નાક, કાન અને ગળાનું ચેકીંગ કરવામાં આવે તો બાળકને યોગ્ય સારવાર આપી બહેરાં - મૂંગા થતાં અટકાવી શકાય અને તેઓને નોર્મલ બાળકની જેમ જ બોલતા અને સાંભળતા કરી શકાય છે. તે ઉપરાંત તેઓશ્રીએ ગત બેઠકમાં ગુજરાતમાં બી.એસ.સી ઓડીયોલોજીસ્ટનો કોર્સ શરૂ કરવા સૂચન કરેલ હતુ પરંતુ તે કોર્સ શરૂ કરવા બાબતે કાર્યવાહી થયેલ નથી તેથી આ બાબતે થયેલ કાર્યવાહીની આરોગ્ય વિભાગે વિગતો મોકલવા નક્કી થયું.**( કાર્યવાહી: આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ )**

૨.૧૪ વધુમાં ડૉ.માનસેતાએ જણાવેલ કે, ગત મિટીંગમાં અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભવતી બહેનોને જરૂરી રસી આપી વિકલાંગતા નિવારવા માટે આયોજન કરવું જોઇએ તેવી ચર્ચા થયેલ તે બાબતે સત્વરે અમલવારી થાય તે પર

ભાર મૂકેલ. આ બાબતે સત્વરે યોગ્ય નિર્ણય કરીને સત્વરે કાર્યવાહી કરવા આરોગ્ય વિભાગને અધ્યક્ષશ્રી એ ભારપૂર્વક જણાવ્યું

(કાર્યવાહી: આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.)

૨.૧૫ શ્રી કિશોરભાઇ મહેતાએ અમરેલી જિલ્લામાં પી.એચ.સી, સી.એચ.સીમાં ઇ.એન.ટી.ડોક્ટરોની નિમણુક કરવા જણાવેલ તેથી જન્મ સમયે બાળકોની ચકાસણી થઈ શકે.માન.અધ્યક્ષશ્રીએ સત્વરે જગ્યા ભરવા જણાવ્યુ

(કાર્યવાહી: આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

૨.૧૬ વિકલાંગોના ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને નિયમોનુસાર સમયસર તેમની ખાલી પડતી જગ્યાઓ સામે સત્વરે જગા ભરવાની મંજુરી મળે તેવી અગાઉથી વ્યવસ્થા ગોઠવવા નકકી થયું. (કાર્યવાહી: નિયામકશ્રી, (સ.સુ.))

૨.૧૭ વિશિષ્ટ શાળામાં ધોરણ – ૮ ને શરૂ કરવા માટે વહીવટી મંજૂરી મેળવી આગામી વર્ષથી વિશિષ્ટ શાળાઓ પૈકીની બહેરાં – મૂંગા, અંધ તથા અસ્થિ વિષયક ખામી ધરાવતી શાળાઓમાં ધોરણ – ૮ નો અભ્યાસ શરુ કરવા નિયમોનુંસાર કાર્યવાહી કરવા જણાવ્યું.

(કાર્યવાહી: નિયામકશ્રી, (સ.સુ.) )

૨.૧૮ અધ્યક્ષશ્રી, તરફથી એવું સૂચન કરવામાં આવ્યું કે,વિકલાંગો માટેની રાજ્ય સંકલન સમિતિની બેઠક વિકલાંગોના પ્રશ્ને ખૂબ જ અગત્યની અને સંવેદનશીલ હોઇ આ બેઠકમાં જે તે વિભાગના સચિવશ્રી/અગ્રસચિવશ્રી બેઠકમાં અચૂક હાજર રહે, જો કોઇ અનિવાર્ય કારણસર હાજર રહી શકે તેમ ન હોય તો તેઓએ અધ્યક્ષશ્રીને લેખિત કારણો સાથે રજૂઆત કરી પૂર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે.

3. અધ્યક્ષશ્રી તરફથી ભારપૂર્વક જણાવવામાં આવ્યું કે, વિકલાંગો પ્રત્યે સહાનુભૂતિની સાથે પૂરી નિષ્ઠાથી યોજનાઓના અમલ થાય તે બહુજ જરુરી હોઇ તેમ કરવામાં આવશે તો જ વિકલાંગ વ્યકિતઓને યોગ્ય ન્યાય આપી શકાશે એવી અપેક્ષા વ્યકત કરી સૂચન કરી ઉપસ્થિત સૌ સભ્યશ્રીઓના આભાર માની બેઠક પૂર્ણ કરવામાં આવી.

( દેવેન્દ્રભટ્ટ )
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ